# 9 ચક્રવાક મિથુન

- મણિશંકર ભટ્ટ 'કાન્ત'

**નીચેના દરેક પ્રશ્નોના ઉત્તર એક વાક્યમાં લખોઃ**

1. ચક્રવાક મિથુનમાં દિવસના કયા પ્રહરની વાત કહેવાઈ છે?
2. 'ચાલો એવા સ્થલ મહીં, વસે સૂર્ય જેમાં સદૈવ' આ પંક્તિ કોણ બોલે છે?
3. પક્ષી યુગલ અન્ય દુનિયાને જોઈને શું કહે છે?
4. 'ચક્રવાક મિથુન'નો કાવ્યપ્રકાર લખો.

**નીચેના દરેક પ્રશ્નોના ઉત્તર ત્રણ-ચાર વાક્યમાં લખોઃ**

1. ચક્રવાક-ચક્રવાકી ઊંચા આકાશે ઊડે છે ત્યારે શું જુએ છે?
2. ચક્રવાક-ચક્રવાકીની પ્રણયચેષ્ટાઓ વિશે લખો.
3. ચક્રવાક-ચક્રવાકીના પ્રશ્નનો શો ઉત્તર આપે છે?

4. ચક્રવાકી ચક્રવાકને ક્યાં જઈને વસવા માટે કહે છે? શા માટે?

**નીચેના પ્રશ્નોના ઉત્તર આશરે સો શબ્દોમાં લખોઃ**

1. 'ચક્રવાક મિથુન' ખંડકાવ્યની વિરહવેદના વર્ણવો.

2. 'ચક્રવાક મિથુન'નો અંત તમને કેવો લાગ્યો તે લખો.

**નીચેના પ્રશ્નોના ઉત્તર પૂરા વાક્યમાં લખોઃ**

1. કવિ 'કાન્તે' કયા કાવ્યપ્રકારમાં ઉત્તમ પ્રદાન કર્યું છે?

2. કાન્તનું પૂરું નામ લખો.

**નીચેનાં વાક્યોમાં રેખાંકિત શબ્દમાં યોગ્ય પ્રત્યય મૂકી વાક્ય ફરી લખોઃ**

1. શા<u>ખાઓ</u> તરુવરતણી ચક્રવાકી છુપાતી

2. આ<u>ભાસો</u> થતું યુગલ ઉન્મત્ત એ સ્નેહબાલ

**માગ્યા પ્રમાણે કરોઃ**

1. ભીરુ શ્યામા નયનમાં આવતું અશ્રુ લૂછે છે. (કર્મણિવાક્ય બનાવો.)

2. આપણે પાષાણોમાં નથી રહેવું. (ભાવેવાક્ય બનાવો.)

3. ચંચૂ ચંચૂ મહીં લઈ પછી પક્ષને પક્ષમાં લે. (સંયોજક લખો.)

**નીચેના દરેક શબ્દના બે-બે સમાનાર્થી શબ્દો લખોઃ**

1. શૈલ - ______ ______
2. વિટપ - ______ ______

**નીચેનાં વાક્યોના રેખાંકિત શબ્દને સ્થાને વિરોધી શબ્દ મૂકી વાક્યનો અર્થ બદલાય નહીં તે રીતે વાક્ય ફરી લખોઃ**

1. પ્રણયની પણ <u>તૃપ્તિ</u> થતી નથી.

2. કયહીં <u>અચેતન</u> એક દીસે નહીં.

**નીચેના એક શબ્દ માટે શબ્દસમૂહો લખોઃ**

1. વિહગયુગ્મ -
2. વિધિપાશ -
3. રવિમરીચિ -

**નીચેના તળપદા શબ્દોનાં શિષ્ટરૂપ લખોઃ**

1. ભણી -
2. અવર -

•